એસટી ડેપો સંકુલમાં પણ સર્જાયું ખાડાઓનું સામ્રાજ્ય...!!

ખાડાઓને કારણે બસચાલકો સહિત સગાંસંબંધીને લેવા મુકવા આવતાં વાહનચાલકો પણ ત્રાહિમામ્ : શહેરી બસ સેવા સ્ટેન્ડ આસપાસ જ વધુ ખાડા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં એક તરફ ગટર-પાણી વગેરે માટેની નવી લાઈનોનું કામ હાથ ધરાયેલું હતું જેમાં અપૂરતા માટી પુરાણને કારણે વરસાદી સીઝનનાં ઠેર ઠેર ભૂવા પડવાની ફરિયાદો ઉઠવા પામી રહી છે તે સાથે સાથે જ અનેક સ્થળે રોડ-રસ્તાં બિસ્માર થઇ જવાની સમસ્યાએ પણ માથું ઉંચક્યું છે. શહેરના પથિકાશ્રમ પાસેના મુખ્ય એસટી ડેપો સંકુલમાં પણ અસંખ્ય ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે જેના કારણે ડેપોમાં આવતી-જતી બસો ઉપરાંત પોતાના સગાંસંબંધીને લેવા મુકવા આવતાં વાહનચાલકો પણ ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

શહેરમાં ચોમાસાની ઋતુ સાથે જ અનેક માર્ગો બિસ્માર બની ગયાની રાવ ઉઠવા પામી છે. શહેરમાં સેકટરના આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ જોવા મળી રહી છે. આ સ્થિતિમાં હવે શહેરના મુખ્ય એસટી ડેપો ખાતે પણ ખાડાઓનું સામ્રાજ્ય સર્જાયું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સમગ્ર એસટી ડેપો સંકુલમાં અસંખ્ય ખાડાઓ જોવા મળી રહ્યાં છે ખાસ કરીને ડેપો સંકુલમાં પ્રવેશતાં શહેરી બસ સેવાના સ્ટેન્ડ પાસે જ્યાં મોટી સંખ્યામાં ગાંધીનગર-અમદાવાદ અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ અને સરકારી-બિનસરકારી કર્મચારીઓની અવરજવર રહે છે તેમજ એસટી બસોને બહાર નીકળવા તરફના માર્ગે જ મસમોટાં ખાડા સર્જાયાં હોવાથી બસચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે તે સાથે ડેપોમાં પોતાના અપડાઉન કરતાં સંતાનો કે બહાગામ જતા આવતાં સગાંસંબંધીને લેવા મુકવા આવતાં વાહનચાલકો પણ ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. વળી જ્યારે વરસાદ ચાલુ હોય ત્યારે આ ખાડાઓમાં વરસાદી પાણી ભરાતાં કાદવકીચડની સમસ્યા પણ સર્જાય છે. સમગ્ર ડેપો સંકુલમાં ખાડાઓને કારણે વરવી સ્થિતિ સર્જાયેલી જોવા મળી રહી છે.

કચરાના સેગ્રિગેશન માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગર પાલિકાનાં કુડાસણ ખાતે આવેલ પ્રમુખ મસ્તાના કોમર્શિયલ વિસ્તારમાં આજરોજ ગાંધીનગરને સ્વચ્છ શહેર બનાવી રાખવાના ઉદ્દેશ્ય સાથે મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર કેયુર જેઠવા તેમજ સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદીપસિંહ ગોહિલ દ્વારા કોમર્શિયલ વિસ્તારના વેપારીઓને કચરાના સેગ્રીગેશન અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તમામ લોકો દ્વારા સૂકો કચરો અને ભીનો કચરો અલગ અલગ આપવા અપીલ કરાઈ હતી તથા વેપારીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકથી પર્યાવરણ અને માનવજાતને થતાં નુકશાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા અને તેઓ પર્યાવરણ ની સુરક્ષા હેતું પ્રતિબંધિત પ્લાસ્ટિક નો વપરાશ ન કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

શ્રાવણ માસના છેલ્લા સોમવારે ધોળેશ્વર મહાદેવના દર્શન નો લાભ લેવા માટે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યા હતા.મંદિર માં સુંદર ફૂલો દ્વારા સાજ શણગાર કરવામાં આવ્યો હતો અને ફૂલો થી સાથીયો બનાવ્યો હતો.

ધરોઈમાંથી પાણી છોડાયુ

ગાંધીનગર, તા. ૨૨

સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાં પાણીની આવક વધતાં આજે સાંજે ૭ વાગ્યાથી ધરોઈમાંથી ૨૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ધરોઈ ડેમ સત્તાવાળાઓએ આ અંગે જિલ્લાતંત્રને જરૂરી ચેતવણી નદી તટના વિસ્તારોને આપવા જણાવ્યુ છે. સાંજે ૭ વાગે ધરોઈ જળાશયની સપાટી ૬૧૯ ફૂટે પહોંચતા તેમાંથી ૨૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે અને જેમ જેમ આવક વધશે તેમ તેમ તેના છોડવાના જથ્થામાં વધારો કરવામાં આવશે.

ધરોઈ ડેમના ઉપરવાસમાં થઈ રહેલા વરસાદને પગલે પાણીની આવક વધવા પામી છે. આ વખતે ચોમાસામાં બીજી વખત સાબરમતી નદી રિચાર્જ થઈ રહી છે.

વિશ્વ પ્રવાસી સંઘમાં આંતરરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે ઈલેવાન ઠાકરની નિમણૂંક

ગાંધીનગર, તા.૨૨

વિશ્વ પ્રવાસી સમાજીક અને સાંસ્કૃતિક સંઘની રાષ્ટ્રીય સંકલન સમિતિની બેઠક દિલ્હીના કરોલ બાગમાં યોજાઈ હતી. આ બેઠકમાં સંઘના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ સ્વામી દયાનંદજી મહારાજ, રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કૈશલ અગ્રવાલ, સંસ્થાના વડા ડૉ. સત્ય પ્રકાશ તિવારી, રાષ્ટ્રીય મહાસચિવ ડૉ. રણબીર સિંહની સાથે દેશના વિવિધ રાજ્યોના પ્રદેશ પ્રમુખો અને રાષ્ટ્રીય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે છેલ્લા ૪ વર્ષથી સંઘમાં સેવા બજાવતા ઈલેવાન ઠાકરને તેમની નિષ્ઠાઅને કામગીરી જોઈને રાષ્ટ્રીય મહામંત્રી અને આંતરરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે સાથે સાથે સંઘના પ્રચાર પ્રસાર, પ્રકાશન અને પ્રસાશનની વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી. આ પ્રસંગને અનુરુપ ઈલેવાન ઠાકરે જણાવ્યું હતું કે, છેલ્લા ૪ વર્ષથી અમે કૈલાસ માનસરોવર કે જે ચાઈનાના અનઅધિકૃત કબ્જામાં છે તેને મુક્ત કરવા માટે વિવિધ જગ્યાઓ પર કાર્યક્રમો આપેલ છે અને કૈલાસ માનસરોવરને વૈશ્વિક ધરોહર તરીકે જાહેર કરવાની અમારી મુખ્ય મંગણી છે જેમાં અમો સમગ્ર વિશ્વમાં આ કાર્યક્રમ ચલાવી રહ્યાં છીએ. આ સાથે જ્ઞાનવાપી મંદીર, લવ જેહાદ જેવા પ્રશ્નોનો હલ તાત્કાલીક આવે તે માટે અમો કર્યક્રમો અને સનાતની સંસ્કૃતિને ઉત્તેજન આપી સામાજીક અને સાંસ્કૃત્તિક વારસાને કાયમ રાખવાના પ્રયત્નો કરીએ છીએ. આંતરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે પ્રથમ બેઠક યુકેમાં આવતા ફેબ્રુઆરી માસમાં ત્યારબાદ દુબઈ અને પછી મે—૨૦૨૩માં યુએસએ ખાતે વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃતિક સંઘની બેઠક થવા જઈ રહી છે.

સશક્ત મહિલા, સમૃદ્ધ ગુજરાતના મંત્ર સાથે

મહિલા સશક્તિકરણની દિશામાં અગ્રેસર બનતું ગુજરાત

શિક્ષિત અને સશક્ત નારી ઉન્નત રાષ્ટ્રનો પાયો છે. સક્ષમ મહિલા, પરિવાર અને સમાજના અન્યોની તાકાત બની શકે છે. મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવાના ધ્યેય સાથે રાજ્ય સરકારે અનેક યોજનાઓ અમલી બનાવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્ત્વમાં રાજ્ય સરકાર માતૃશક્તિ અને બાળકોના વિકાસ માટે સદૈવ પ્રતિબદ્ધ છે.

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં મહિલા સશિક્તકરણના સુવર્ણયુગનો આરંભ થયો છે. આજે આપણી દીકરીઓને સેનામાં પરમેનેન્ટ કમિશન મળ્યું છે, આજે દીકરીઓ ફાઈટર પ્લેન ઉડાડી રહી છે, રાજપથ પર પરેડનું નેતૃત્વ કરી રહી છે. મહિલાઓ માટે માતૃત્વ આશિર્વાદ બની રહે તે માટે છ મહિનાની પેઈડ મેટરનીટી લીવ મળે છે. મહિઓના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ખાસ અભિયાનો હાથ ધરાઈ રહ્યાં છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મહિલાઓના સ્વાસ્થ, શિક્ષા અને સુરક્ષા એમ ત્રીસ્તરીય અભિગમ દ્વારા મહિલા સશક્તિકરણને વેગ આપવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે મહિલાઓ માટે ખાસ જેન્ડર બજેટનો અભિગમ આદર્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩ના રાજ્યના કુલ બજેટ સામે જેન્ડર બજેટનું પ્રમાણ વધીને ૩૯.૭૧% થયું છે. વર્ષ ૨૦૨૨-૨૩ ના જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૯૧ જેટલી યોજનાઓ આવરી લેવાઈ છે જેમાંથી મહિલાઓના ઉત્કર્ષ માટે સરકારના વિવિધ વિભાગો દ્વારા મહિલાઓ અને કન્યાઓના ૧૦૦ ટકા લાભ માટે કાર્યરત ૧૭૮ યોજનાઓને અલગ તારવી કાઢવામાં આવી, જે માટે રૂ.૭૬૦૦.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહિલાઓને ૩૦ થી ૯૯ ટકા લાભ આપતી અન્ય ૭૧૩ યોજનાઓ પણ અલગ તારવી કાઢવામાં આવી છે, જે માટે રૂ.૮૯૩૩૭.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજમાં ૫૨ ટકા મહિલા પ્રતિનિધિત્વ છે, ગુજરાતે આરોગ્ય સેવાને ખૂબ જ મજબૂત બનાવી છે. જેના પરિણામે દાયણના માધ્યમથી થતી ડિલિવરી બંધ જેના પરિણામે આજે ગુજરાતમાં ૧૦૦ ટકા સંસ્થાકીય ડિલિવરી થાય છે અને જન્મ સમયેનો માતા મુત્યુદર અને બાળમુત્યુ દરમાં ઘટાડો થયો છે.

મહિલા અને બાળકોના પોષણ વિકાસ માટે લીધેલ નક્કર પગલાંઓ

"સહી પોષણ... દેશ રોશન..."ના અભિગમને સાર્થક કરવા પોષણલક્ષી વિવિધ સેવાઓ આંગણવાડી મારફત આપવામાં આવે છે, સરકારની સારી કામગીરીને લીધે લાભ લેતા લાભાર્થીઓ (૬ વર્ષ સુધીના બાળકો, કિશોરીઓ, સગર્ભા-ધાત્રી માતા) મા વ્યાપ વધારો થયેલ છે. જે પહેલા અંદાજે ૩.૫૦ લાખ હતા તે સંખ્યા હાલ વધી ૫૭.૯૪ લાખ થઈ છે.

● **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના** : માતા અને બાળકના ૧૦૦૦ દિવસની સારી સંભાળ અને પુરતું પોષણ મળે તે માટે સગર્ભા અને ધાત્રીમાતાઓ તેમજ ૬ માસ થી ૨ વર્ષના બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે સરકાર દ્વારા ૧૦૦૦ દિવસની માતૃશક્તિ યોજના અમલી બનાવાઈ છે. અત્યાર સુધીમાં ૩.૦૦ લાખથી વધુ સગર્ભા માતાની નોધણી કરી લાભ આપવામાં આવ્યો છે.

● **પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ)** આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષમાં રાજ્યના ૭૩ આદિજાતી ઘટકોમાં અંદાજીત ૧૩૬૬૧૪ સગર્ભા અને ધાત્રીમાતાઓને ૩૦૦ દિવસ (૧ વર્ષ સુધી) એક સમયનું ભોજન આપવામાં આવશે.

● **સૂક્ષ્મ પોષકતત્વો યુક્ત "રેડી ટુ કુક" ટેક હોમ રેશન** : ૬ માસથી ૩ વર્ષ સુધીના તમામ બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકો, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પૂરક પોષણ આહાર તરીકે બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન (THR) તરીકે આપવામાં આવે છે. ૧૭.૦૦ લાખ બાળકો, ૧૧.૦૦ લાખ કિશોરીઓ અને ૬.૭૫ લાખ સગર્ભા અને ધાત્રીમાતાઓએ પૂરક પોષણનો લાભ લીધો છે.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, પોષણ સુધા યોજના, દૂધ સંજીવની યોજના, પૂર્ણા યોજના, વ્હાલી દીકરી યોજના જેવી અનેક યોજનાઓના સથવારે સક્ષમ અને સમૃદ્ધ બનતી ગુજરાતની મહિલાઓ

મહિલા અને બાળકોના પોષણ અને વિકાસ માટે નક્કર પગલાં લેવાયા

● **દુધ સંજીવની યોજના** : ૬ માસથી ૬ વર્ષના બાળકો ને અઠવાડિયામાં પાંચ દિવસ ૧૦૦ મિ.લી અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ મિ.લી. પેશ્ચુરાઈઝડ ફલેવર્ડ ફોર્ટીફાઈડ દુધ આપવામાં આવે છે.અંદાજિત ૧૩.૦૦ લાખ થી વધુ લાભાર્થીઓને પેશ્ચ્યુરાઈઝડ ફોર્ટીફાઈડ ફલેવર્ડ દુધ, આપવામાં આવે છે, જે માટે અંદાજે રૂ.૧૭૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● **ડબલ ફોર્ટિફાઇડ મીઠું "સત્વ"** : સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી સગર્ભા અને ધાત્રીમાતા અને કિશોરીઓને માસીક એક કિલોગ્રામ આર્યન અને આયોડીન ડબલ ફોર્ટિફાઈડ મીઠું "સત્વ" આપવામાં આવે છે. સરેરાશ ૨૦.૦૫ લાખ લાભાર્થીઓએ લાભ લીધો છે.

મહિલા માટે ખાસ જેન્ડર બજેટની ફાળવણી

● **ફોર્ટીફાઈડ આટા** : પોષણ વિકાસ માટે રાજ્ય સરકારે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને સાંકળીને ઘઉનુ ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઈડ આટો આંગણવાડી કેન્દ્રોમાં આપવાની નવતર પહેલ કરી છે. જે અંતર્ગત અંદાજે ૧૪.૦૦ લાખ બાળકોને લાભ આપવામાં આવ્યો છે.

● **પૂર્ણા યોજના** : રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે અમલી આ યોજના અંતર્ગત કિશોરીના જીવન વિકાસની સાથે-સાથે પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સરેરાશ ૧૨.૧ લાખથી વધુ કિશોરીઓની નોંધણી થઈ, જે પૈકી સરેરાશ ૧૧.૯૪ લાખથી વધુ કિશોરીઓએ પૂરક પોષણનો લાભ લીધો.

દીકરીઓનું શિક્ષણ

● પા પા પગલી પ્રોજેક્ટ હેઠળ ૩-૬ વર્ષના બાળકના સર્વાંગી વિકાસની દેખરેખ, પૂર્વ પ્રાથમિક શિક્ષણના મહત્વ અંગે વાલી સાથે પરામર્શન અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૧૨.૪૨ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૧૭.૮૫ લાખ બાળકોને આવરી લેવામાં આવશે, જે માટે અંદાજે રૂ.૫.૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● **પ્રિસ્કુલ કીટ** : રાજ્યની ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં પ્રિ-સ્કુલ કીટ ફાળવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં (ફેબ્રુ. અંતિત) પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંતર્ગત ૧૭.૯૬ લાખથી વધુ બાળકોને આવરી લીધા છે.

● **આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ મેળવતા બાળકોની આગવી ઓળખ (યુનિફોર્મ)** : પ્રિ-સ્કુલ યુનિફોર્મની યોજના હેઠળ ૧૭.૮૫ લાખ બાળકોને જોડી (પેર) યુનિફોર્મ આપવામાં આવશે, જે માટે રૂ.૩૯.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલા સુરક્ષા માટે લીધેલ નક્કર પગલાંઓ

● **"વ્હાલી દીકરી" યોજના** : દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવા તેમજ બાળલગ્ન પ્રથા અટકાવવાના ઉદેશ્યથી આ યોજના અમલી બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે ૪૦૦૦/-નવમાં ધોરણમાં પ્રવેશ વખતે ૬૦૦૦/-ની સહાય.૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. ૧.૨૫ લાભાર્થીઓને અંદાજીત કુલ રૂ. ૨૭૯.૬૨ કરોડની સહાય મંજુર કરવામાં આવી

●**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના** : "ગંગા સ્વરૂપા" યોજનામાં આમૂલ પરિવર્તન કરી ધારા-ધોરણો અને સહાયના પ્રમાણમાં વધારો કરેલ છે. ચાલુ વર્ષમાં આશરે ૧૧.૬૦ લાખથી વધુ મહિલાઓના ખાતામાં અંદાજે રૂ. ૧૬૮૪.૬૦ કરોડથી વધુ રકમ DBTના માધ્યમથી જમા કરાયા છે.

● **"અભયમ્" ૧૮૧- મહિલા હેલ્પલાઈન** : જે રાત-દિવસ કાર્યરત છે, જેના કારણે રાજ્યની કિશોરીઓ, યુવતી અને મહિલા નિર્ભય બની છે, અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ મહિલાઓએ લાભ લીધેલ છે, જેમાંથી ૨.૧૨ લાખ મહિલાઓને તાત્કાલિક બચાવની કામગીરી કરવામાં આવી

● **સખી વન સ્ટોપ સેન્ટર** : સખી વન સ્ટોપ સેન્ટરોમાં અત્યાર સુધીમાં ૧૯,૬૩૧ મહિલા/યુવતીઓ આ કેન્દ્રની સેવાઓનો લાભ લીધો છે.

મહિલાઓના આર્થિક સશ્કિતકરણ

● **સ્વાવલંબન યોજનાઃ** રાજ્યની મહિલા સ્વાવલંબી બને અને તેના દ્વારા ઉત્પાદિત વસ્તુનું વેચાણ થાય તે માટે ગ્રામ્ય ગરીબ મહિલાઓ આર્થિક પ્રવુત્તિમાં જોડાય તે માટે સ્વાવલંબન યોજના અંતર્ગત આર્થિક સહાય આપવામાં આવે છે અને આર્થિક ઉપાર્જન બાદ ઉત્પાદિત વસ્તુઓ ને બજાર પૂરું પાડવા માટે સમગ્ર રાજ્યમાં યોજવામાં આવતા પ્રદર્શન સહ વેચાણ મેળામાં ન્યુનતમ ખર્ચે સ્ટોલ ફાળવવામાં આવે છે.

● ૭૫૦ થી વધુ લાભાર્થીઓને રૂ.૧૫૦.૯૫ લાખની લોન સહાય આપેલ છે

● પ્રદશન સહ વેચાણ અંતર્ગત ૧૫૫૭ મહિલા કારીગરોએ અંદાજે રૂ.૭૪૦.૭૨ લાખનું વેચાણ કર્યું છે.

● મહિલા સશક્તિકરણ પખવાડિયું : વિશ્વ આખું મહિલાઓ માટે માત્ર એક દિવસ (૮ માર્ચ) ઉજવણી કરે છે, જ્યારે અમારી સરકાર મહિલાઓના વિકાસના જુદા-જુદા ૧૪ મુદ્દાઓ ઉપર સતત ૧૫ દિવસ સમગ્ર રાજ્યમાં ઝુંબેશ રૂપે ઉજવણી કરે છે

● અંતિમ ઉજવણી અંતર્ગત સમગ્ર રાજ્યમાંથી ૩.૫૦ લાખથી વધુ લોકો વિવિધ પ્રવુંત્તિઓમાં જોડાયા હતા.

● **"મહિલા ઇન્ડસ્ટ્રીરીયલ પાર્ક (GIDC)"** : મહિલાઓ ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર બને તે માટે સાણંદ ખાતે ખાસ મહિલાઓ માટે "મહિલા ઈન્ડસ્ટ્રીરીયલ પાર્ક (GIDC)" સાણંદની સ્થાપના કરેલ છે, જે દ્વારા ૫૦૦ થી ૧૦૦૦ ચો.મીટરના કુલ ૨૮૬ પ્લોટ મહિલા ઉદ્યોગ સાહસિકોને ફાળવવામાં આવ્યા છે.